**LLR Care Record**

# તમારી કાળજીમાં સુધારો કરવા સાથે મળીને કામ કરવું



લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડ (કાળજીના અહેવાલો)

Leicester City Council

Leicestershire County Council

Rutland County Council

NHS

લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડ તમારી કાળજીમાં પ્રત્યક્ષ રીતે સંકળાયેલા નિદાન કરનારા અને કાળજી રાખનારા કર્મચારીઓને તમારા વિશેની સૌથી અદ્યતન માહિતી માટે ઍક્સેસ આપે છે.

તે તમારા સ્વાસ્થ્ય અને કાળજીના રેકર્ડમાંથી યોગ્ય માહિતીને લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડમાં આવેલી સ્વાસ્થ્ય અને સામાજિક કાળજી સેવાઓ સાથે વહેંચીને આ કામ કરે છે.



## લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડનો ઉપયોગ ક્યાં કરવામાં આવશે?

GP (જીપી) પ્રેક્ટિસ / સામુદાયિક સ્વાસ્થ્ય કાળજી સેવાઓ / NHS હૉસ્પિટલ / વિશેષ કાળજી સેવાઓ / માનસિક સ્વાસ્થ્ય સેવાઓ / આશ્રયસ્થાનો

## લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડના લાભો ક્યા છે?

- સુમેળ વાળી અને વધુ સલામત કાળજી
- તમારી કાળજીમાં ફાળવવા માટે વધુ સમય
- ઓછું પેપરવર્ક (દસ્તાવેજી કામગીરી)
- તમારી માહિતી એક જ જગ્યાએ રહે
- તમારે નિદાન કરનારા અને કાળજી રાખનારા અલગ અલગ કર્મચારીઓ પાસે માહિતીનું પુન:રાવર્તન ન કરવું પડે.

# કાલ્પનકિ ઘટનાક્રમ 1

## તો, તે કેવી રીતે કામ કરે છે?



જેમી (Jamie) શાળા તરફથી પ્રવાસમાં રટલૅન્ડ વોટર આવી છે અને તેને એક ઍલર્જીક પ્રતક્રિયિા થાય છે.



માતા-પતિાનો સંપર્ક થઈ શકતો નથી; જેમીને એમ્બ્યુલન્સમાં હૉસ્પટિલ લઈ જવામાં આવે છે.

હૉસ્પટિલ ખાતે કાળજી રાખનારા કર્મચારીઓ લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડને ઍક્સેસ કરી શકે છે અને જેમીની દવા અને ઍલર્જીના ઈતહિાસને જોઈ શકે છે.

**LLR Care Record**

દવાઓ અને ઍલર્જીની સૂચિ: જેમીના GP (જીપી) દ્વારા પૂરી પાડવામાં આવેલી



A&E (અકસ્માત અને કટોકટી) સારાંશ: હૉસ્પટિલમાં કાળજી રાખનારા કર્મચારીઓ દ્વારા પૂરો પડાયેલ



### લાભ

લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડ નદિાન કરનારા અને કાળજી રાખનારા કર્મચારીઓને જેમીને તાત્કાલકિ અને સલામતપણે કટોકટી સમયની કાળજી પૂરી પાડી શકવા માટે સમર્થ બનાવે છે.

## કાલ્પનિક ઘટનાક્રમ 2

### તો, તે કેવી રીતે કામ કરે છે?



હરપ્રીત પડી ગયા પછી લેસ્ટર રોયલ ઈન્ફર્મરી (રુગ્ણાલય)માં સારવાર લઈ રહી છે.



તે આની પહેલાં હૉસ્પિટલમાં દાખલ થઈ હતી ત્યારે તેને રજા આપવામાં વિલંબ થયો હતો કારણ કે હૉસ્પિટલમાં કાળજી રાખનારી ટીમને થોડા વખત સુધી એ બાબત વિશે ચોક્કસ ન હતી કે ઘરે કયા પ્રકારનો આધાર ઉપલબ્ધ છે.

હવે, લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડની મદદથી, હૉસ્પિટલમાંથી રજા આપનાર વિભાગ એ બાબતે ચોક્કસ થઈ શકે છે કે હરપ્રીત પાસે તેણીના લેસ્ટર ખાતેના ઘરે યોગ્ય સામાજિક કાળજી પૅકેજ ઉપલબ્ધ છે.

**LLR Care Record**

હૉસ્પિટલમાંથી રજા આપતો પત્ર: હૉસ્પિટલમાંથી રજા આપનારા કર્મચારીઓ દ્વારા પૂરો પડાયેલ

સામાજિક કાળજી પૅકેજ: સામાજિક કાળજી ટીમ દ્વારા પૂરો પડાયેલ

સામુદાયિક ટેકો: કમ્યુનિટી નર્સિંગ (સામુદાયિક નર્સ સેવા) દ્વારા પૂરો પડાયેલ







### લાભ

હરપ્રીતની માહિતી વહેંચવી હૉસ્પિટલ, સામુદાયિક અને સામાજિક કાળજી માટેની ટીમને વધુ માહિતગાર રહેવામાં સક્ષમ બનાવે છે, જેનાથી તેઓ વધુ સારી અને વધુ સલામત કાળજી પૂરી પાડી શકે છે.

## લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડ શું છે?

લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડ એક સુરક્ષિત કમ્પ્યુટર પ્રણાલી છે જે જેમણે પોતાના GP (જીપી) દ્વારા પૂરી પડાયેલ, સ્થાનિક હૉસ્પિટલ ખાતે, સામુદાયિક સ્વાસ્થ્ય કાળજી સુવિધા, સામાજિક સેવાઓ અથવા માનસિક સ્વાસ્થ્ય ટીમો દ્વારા પૂરી પડાયેલી સેવાઓનો ઉપયોગ કર્યો હોય તેવા લોકો વિશે મહત્ત્વની માહિતી એકત્ર કરે છે. તે નિદાન કરનારા અને કાળજી રાખનારા કર્મચારીઓને તેઓ બધા કાળજી પ્રદાતાઓ પાસેની અને અલગ અલગ પ્રણાલીઓમાં રહેલી સ્વાસ્થ્ય અને કાળજી અંગેની રિયલ-ટાઇમ (સતત અદ્યતન થયેલ) માહિતી જોઈ શકે તે માટે સમર્થ બનાવે છે.

તમામ રેકર્ડ્સ કડકાઈથી ગોપનીય રખાય છે અને ફક્ત નિદાન કરનારા અને કાળજી રાખનારા કર્મચારીઓ, કે જેઓ કોઈ વ્યક્તિની કાળજીમાં પ્રત્યક્ષ રીતે સંકળાયેલા હોય, તેમના દ્વારા જ ઍક્સેસ કરી શકાય છે. લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડમાં કોઈ વ્યક્તિ માટે ચોક્કસ માહિતી સંગ્રહેલી હોય છે, ઉદાહરણ તરીકે:

- સરનામું અને ટેલિફોન નંબર
- અપોઈન્ટમેન્ટની વિગતો
- દવાઓ - જેથી કરીને તમારી કાળજી રાખનાર દરેક વ્યક્તિ એ જોઈ શકે કે તમને કઈ દવાઓ પ્રસ્ક્રિરાઈબ કરેલી (લખી આપેલી) છે
- ઍલર્જી (પ્રતિક્રિયાઓ) - એ સુનિશ્ચિત કરવા માટે કે તમને  એવી કોઈ દવા પ્રસ્ક્રિરાઈબ કરવામાં કે આપવામાં ન આવે જેનાથી તમને કોઈ પ્રતિકૂળ પ્રતિક્રિયા થઈ શકે
- પરીક્ષણના પરિણામો - સારવાર અને કાળજી ઝડપી બનાવવા માટે
- સંદર્ભો, નિદાન અંગેના પત્રો અને રજા આપતી વખતેની માહિતી - તમારી કાળજી રાખી રહેલા લોકો પાસે તમે અન્યત્ર પ્રાપ્ત કરી રહ્યાં હોવ તેવી અન્ય કાળજી અને સારવાર વિશે તેમને જરૂર હોય એવી તમામ માહિતી ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરવા માટે.

## મારા લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડ કોણ જોઈ શકે?

તમારી કાળજીમાં પ્રત્યક્ષ રીતે સામેલ હોય તેવા નિદાન કરનારા અને કાળજી રાખનારા કર્મચારીઓ જ તમારા લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડ જોઈ શકશે. તમને સારવાર, કાળજી અને ટેકો પૂરો પાડવામાં સામેલ ન હોય તેવી કોઈપણ વ્યક્તિ સાથે અમે તે વહેંચશું નહિ. તમારી વિગતોને જાહેર કરવામાં નહિ આવે, કે તમારી કાળજીમાં પ્રત્યક્ષ રીતે સંકળાયેલા ન હોય તેવા કોઈપણ વ્યક્તિને આપવામાં નહિ આવે.

## મારા લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડ સુરક્ષિત છે એ મને કેવી રીતે ખબર પડે?

તમારી માહિતીને સમગ્ર વિસ્તારમાંની નિદાન કરનારી અને કાળજી રાખનારી પ્રણાલીઓમાંથી સુરક્ષિત રીતે એકત્ર કરવામાં આવે છે, તથા તેને પ્રત્યક્ષ કાળજી રખાતી હોય તે દરમ્યાન ઉપયોગ માટે લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડમાં દર્શાવવામાં આવે છે અને તે ગોપનીય રહે છે.

## શું હું મારા લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડ વહેંચવામાં આવે તે સામે વાંધો લઈ શકું?

હા. તમને તમારા લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડ વહેંચવામાં આવે તે સામે વાંધો લઈ શકવાનો અધિકાર છે. તેમ છતાં, જો કર્મચારીઓને સલામત વ્યક્તિગત કાળજી પૂરી પાડવા માટે લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડમાં વહેંચેલી હોય તેવી માહિતીના ઍક્સેસની જરૂર હોય તો તેમને કાનૂની રીતે ઍક્સેસ આપવાની મંજૂરી છે.



## કોઈ પ્રશ્નો છે?

જો તમને લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલૅન્ડ કેર રેકર્ડ વિશે કોઈ પ્રશ્નો હોય તો, કૃપા કરીને કોઈપણ સ્વાસ્થ્ય અથવા કાળજી પ્રૅક્ટિશનર (વ્યાવસાયિક)નો સંપર્ક કરો, જેઓ તમારા પ્રશ્નોને તેમની સંસ્થાના માહિતી સંચાલન વિભાગને આગળ મોકલી શકે છે.

## વધુ માહિતી

વધુ માહિતી માટે, કૃપા કરીને લેસ્ટર સિટી CCG વેબસાઈટની મુલાકાત લેશો:
**www.leicesterleicestershireandrutland.icb.nhs.uk/your-care-record/**

LLR કેર રેકર્ડ કાર્યક્રમની ટીમનો સંપર્ક કરવા માટે, કૃપા કરીને અહીં ઈ-મેલ કરો:
✉ **lpt.llrcarerecord@nhs.net**



**Scan for further information**